Extra No. 343

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] Tuesday, SEPTEMBER 23, 2025 / Asvina 1, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

- સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સિધ્ધપુરના પત્ર નં.એમ.એ.જી./વશી/૫૭૧/૨૦૨૫ તા.૨૨/૦૯/૨૦૨૫

જાહેરનામું

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૩) મુજબનું :-

ક્રમાંકઃએમએજી(૧)/વશી/૧૧૯૬૫ થી ૧૧૯૮૧/૨૦૨૫.-પ્રમુખશ્રી, સિધ્ધપુર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા અરજી આપીને તા.૨૩/૦૯/૨૦૨૫ ના રોજ આવેદનપત્ર આપવા માટે રેલી યોજવા માટે મંજુરી માંગવામાં આવેલ છે. જે અંતર્ગત મામલતદારશ્રી સિધ્ધપુર દ્વારા પોલીસ ઈન્સપેક્ટરથી સિધ્ધપુરનો અભિપ્રાય માંગતા, પોલીસ ઈન્સપેક્ટરથી સિધ્ધપુરનાઓએ જણાવેલ છે કે, આગામી તા.૨૩/૦૯/૨૦૨૫ ના રોજ કોંગ્રેસ પક્ષ દ્વારા સિધ્ધપુર નદીના પટમાં તા. ૧૭/૦૯/૨૦૨૫ ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજયનાઓ દ્વારા નદી ખાતે બની રહેલ રીવરફ્રન્ટ તેમજ સરોવરનું ઉદ્ઘાટન કરેલ જેમાં સરોવરનું નામ માતૃશ્રી હિરાબા સરોવરનું નામ આપી તકતીનું અનાવરણ કરવામાં આવેલ જેના અનુસંધાનમાં તા.૨૩/૦૯/૨૦૨૫ ના ક.૧૦/૦૦ વાગે દેથળી ચાર રસ્તાથી નીકળી મામલતદાર કચેરી આવી મામલતદારશ્રીને આવેદન પત્ર આપવા અંગે રેલીનું આયોજન કરવામાં આવેલ છે. પરંતુ ગઈ તા. ૧૭/૦૯/૨૦૨૫ ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજયનાઓ રીવરફ્રન્ટ કાર્યક્રમ ખાતે પધારેલ જે અગાઉ તા.૧૬/૦૯/૨૦૨૫ ના રોજ સિધ્ધપુર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જોખમાય તે સ્થિતિનું નિર્માણ થયેલ પરંતુ પુરતો પોલીસ બંદોબસ્ત રાખી સ્થિતિ નિયંત્રણ કરેલ અને હાલમાં પણ સંવેદનશીલ પરિસ્થિતિને ધ્યાને લઈ સિધ્ધપુર શહેરમાં તકેદારી બંદોબસ્ત ચાલુ હોઈ તેમજ આજ તા. ૨૨/૦૯/૨૦૨૫ ના રોજથી નવરાત્રીનો તહેવાર શરૂ થયેલ હોઈ જેથી ઉપરોકત પ્રવર્તમાન સંજોગોને તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાને લઈ રેલી કાઢવા પોલીસ ઈન્સપેક્ટરથી સિધ્ધપુરનાઓએ નકારાત્મક અભિપ્રાય આપેલ છે. સદરહું રેલીના આયોજનના કારણે સિધ્ધપુર શહેર અને તાલુકામાં જાહેર વ્યવસ્થા જોખમાવાની શક્યતા જણાતી હોઈ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭(૩) હેઠળ કાર્યવાહી થવા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સિધ્ધપુરએ અત્રે દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને: ૧૯૫૧ નો ૨૨ મો)ની કલમ-૩૭(૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના સમગ્ર શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં તા.૨૨/૦૯/૨૦૨૫ ના ૦૦:૦૦ કલાક થી તા. ૦૬/૧૦/૨૦૨૫ ના ૨૪ : ૦૦ કલાકની મુદત (બંને દિવસો સહિત) સુધી સક્ષમ અધિકારીશ્રીની મંજુરી વિના જાહેર સ્થળોએ અનઅધિકૃત

રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસો એકત્રિત થવા તથા કોઈ સભા ભરવા કે બોલાવવા કે સરઘસ કાઢવા મનાઈ ફરમાવું છે.

વધુમાં હું આદેશ કરું છું કે, આ આદેશો નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં / ફરજ ઉપર હાજર હોય તેવી વ્યકિતઓને.

(૨) કોઈ લગ્નના વરઘોડાને

(૩) કોઈ સ્મશાન યાત્રાને

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૩) મુજબ તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ અનુસાર સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૨/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કર્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 17:07:29 IST